**દાખલ તારીખઃ ૨૭/૦૮/૨૦૧૯**
**ફેસલ તારીખઃ ૦૬/૦૭/૨૦૨૨**
**સમયગાળો : વર્ષ માસ દિવસ**
**૦૨ – ૧૦ – ૦૯**

**એડી.ચીફ.મેટ્રોપોલીટન કોર્ટ નં. ૨૦ અમદાવાદ (કુ.એસ.પી.પટેલ ) સાહેબશ્રી અદાલતમાં**
**ક્રિ. કેસ નં. ૭૭૫૬૮/૨૦૧૯**
**આંક–૧૨**

**ફરિયાદીઃ** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ** (૧)મર્લિન વા/ઓ જોય સ/ઓ અશ્વિનભાઈ ચૌહાણ ઉ.વ.૨૧
રહેઃ– ઈ/બ્લોક/જએફ–૦૨, રાજીપા ગ્રીનલેન્ડ રેસીડન્સી,
આંજણા ચોક પાસે,મનમોહન નિકોલ, અમદાવાદ
(૨)રૂઝવેલ્ટ ઉર્ફે વિશાલ ગીલબર્ટભાઈ ક્રિશ્ચિયન ઉ.વ.૨૮
(૩)ઝોસફિન ઉર્ફે મીનુ વા/ઓ વિશાલ ગીલબર્ટભાઈ ક્રિશ્ચિયન ઉ.વ.૨૪
બંને રહેઃ–એ/૭,શિવમ કોમ્પલેક્ષ,ભૂતબંગલા, જવારચોક,
સાબરમતી, અમદાવાદ

**ગુનોઃ ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ મુજબ**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી જી.બી.સાવધરીયા**

---

**ચુકાદો**

૧. ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તા. ૨૨/૦૬/૧૯ના કલાક ૧૭:૪૫ વાગ્યાના દરમ્યાનમાં આરોપી નં.૧ ફરિયાદીના દીકરાની વહુ મર્લિન નાએ ફરિયાદી તથા તેની પત્ની જે કંઈકામ બતાવે તે નહી કરી તેઓના દીકરા સાથે પણ વાતચીત ન

કરવા દઈ આરોપી નં.૨ અને ઉનાઓ આરોપી નં.૧નું ઉપરાણું લઈ ચઢામણી કરી ગુનો કરવા સહકાર આપી આરોપી નં.૧ નાએ ફરિયાદીને ઘરમાં સામાન મૂકવા જતા સામાન નહી મૂકવા દેતા બિભત્સ ગાળો બોલી તમારે આ મકાનમાં રહેવુ ભારે પડી જશે, તમે આ ઘરમાં કેવી રીતે રહો છો, આ ઘર મારું છે તે હું જોઈ લઈશ તેવી ધમકી આપતાં તા.૨૨/૦૬/૧૯ના કલાક ૧૭:૪૫ વાગે ફરિયાદીએ તેઓના ઘર નં. ઈ/બ્લોક/ જીએફ–૦૨, રાજીપા ગ્રીનલેન્ડ રેસીડન્સી ખાતે પોતાની જાતે ઉંઘ આવવાની છ ગોળીઓ ખાઈ ગયેલ હોય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક.અમલદારે સે.ગુ.ર નં.૩૧૧૯/૧૯થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.

૨. આ કામના આરોપીને સમન્સની કાયદેસરની બજવણી થતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીઓને મળી ગયા અંગેની ખાત્રી આંક–૧ લગત કરેલ છે. આરોપીઓની આંક–૦૩થી પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો શરૂ થાય તે પહેલા પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતાં આંક–૦૫થી સમાધાન પુરસીસ રજૂ રાખેલ છે. જે પુરસીસ રેકર્ડ કરવામાં આવી ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી અશ્વિનભાઈ અરવિંદભાઈ ચૌહાણની જુબાની | આંક–૦૬ |
| ૨ | ફરિયાદ | આંક–૦૭ |
| ૩ | સાહેદ ઈલાબેન અશ્વિનભાઈ ચૌહાણની જુબાની | આંક–૦૮ |
| ૪ | ફરિયાદીનું ઈજા અંગેનું સર્ટીફીકેટ | આંક–૧૦ |
| ૫ | કલોઝીગ પુરસીસ | આંક–૧૧ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પુરાવો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમઃ ૩૧૩ હેઠળ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો

પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામીને તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી જી.બી.સાવધરીયાને સાંભળવામાં આવ્યા છે.

૬. સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u>**

૧. શું ફરિયાપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ તા. ૨૨/૦૬/૧૯ના કલાક ૧૭:૪૫ વાગ્યાના દરમ્યાનમાં આરોપી નં.૧નાએ ફરિયાદીને બિભત્સ ગાળો બોલી તેમજ ધમકી આપતાં તા.૨૨/૦૬/૧૯ના કલાક ૧૭:૪૫ વાગે ફરિયાદીએ તેઓના ઘરમાં પોતાની જાતે ઉંઘ આવવાની છ ગોળીઓ ખાઈ ગયેલ હોય અન્ય આરોપીઓ એ આરોપી નં. ૧નું ઉપરાણું લઈ ચઢમણી કરી ગુનો કરવા સહકાર આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>કારણો</u>**

**<u>મુદ્દાનં. ૧ઃ–</u>**

**(૮)** આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષે આંક–૦૬થી ફરિયાદી અશ્વિનભાઈ અરવિંદભાઈ ચૌહાણને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૧૯ના વર્ષમાં બનેલો. તે વખતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નહી. બનાવની હકીકત વિશે તેઓ કાંઈ જાણતા નથી. બનાવ કયારે,કેવી રીતે બનેલો તે તેઓ કહી શકતા નથી. વધુમાં જણાવે છે કે, બનાવ અંગેની તેઓએ ફરિયાદ આપેલી. જેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૭થી રજુ રાખેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા

ન હોવાથી વિ. એ.પી.પી.શ્રીએ  તેમને  ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ  કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ  ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, તેઓએ ગુસ્સામાં આવી, ઉંઘની ગોળીઓ પી લીધેલી. એ હકીકત સ્વીકારે છે કે, આરોપીઓના કોઈપણ પ્રકારના ત્રાસથી તેઓએ ઉંઘની ગોળીઓ પીધેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે, તેઓને કોઈ આરોપીઓ તરફથી કોઈપણ પ્રકારની ધમકી કે ગાળો આપવામાં આવેલ નથી કે ત્રાસ આપેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે, બોલાચલી થતાં તેઓએ ફરિયાદ આપેલી. એ હકીકત સ્વીકારે છે કે, તેઓને આરોપીઓ સાથે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.

**(૯)** ફરિયાદપક્ષે સાહેદ ઈલાબેન અશ્વિનભાઈ ચૌહાણનાઓને આંક–૦૮થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, બનાવ ૨૦૧૯ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નહી. બનાવની હકીકત વિશે તેઓ કાંઈ જાણતા નથી. બનાવ કયારે, કેવી રીતે બનેલો તે તેઓ કહી શકતા નથી. વધુમાં જણાવે છે કે બનાવ અંગેની ફરિયાદ તેઓના પતિએ આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલ. આમ, સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોવાથી વિ. એ.પી.પી.શ્રીએ  તેમને  ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ  કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ  ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, તેઓના પતિએ ગુસ્સામાં આવી, ઉંઘની ગોળીઓ પી લીધેલી. એ હકીકત સ્વીકારે છે કે, આરોપીઓના કોઈપણ પ્રકારના ત્રાસથી તેઓના પતિએ ઉંઘની ગોળીઓ પીધેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે, તેઓને કોઈ આરોપીઓ તરફથી કોઈપણ પ્રકારની ધમકી કે ગાળો આપવામાં આવેલ નથી કે ત્રાસ આપેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે, બોલાચલી થતાં તેઓએ ફરિયાદ આપેલી. એ હકીકત સ્વીકારે છે કે, તેઓને આરોપીઓ સાથે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.

**(૧૦)** પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓની નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને આપવો પડે. કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે.  સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં ફરિયાદી તથા

સાહેદને આરોપીઓ સાથે માત્ર બોલાચાલી થયેલાનું જણાવે છે. જે સંજોગોમાં આ કામના આરોપીઓએ કહેવાતો ગુનો આચરેલાનું પુરવાર થયેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

આ કામના આરોપીઓ (૧)મર્લિન વા/ઓ જોય સ/ઓ અશ્વિનભાઈ ચૌહાણ ઉ.વ.૨૧, રહેઃ–ઈ/બ્લોક/જએફ–૦૨, રાજીપા ગ્રીનલેન્ડ રેસીડન્સી, આંજણા ચોક પાસે,મનમોહન નિકોલ, અમદાવાદ, (૨)રૂઝવેલ્ટ ઉર્ફે વિશાલ ગીલબર્ટભાઈ ક્રિશ્ચિયન ઉ.વ.૨૮, (૩)ઝોસફિન ઉર્ફે મીનુ વા/ઓ વિશાલ ગીલબર્ટભાઈ ક્રિશ્ચિયન ઉ.વ.૨૪, બંને રહેઃ–એ/૭,શિવમ કોમ્પલેક્ષ,ભૂતબંગલા, જવારચોક, સાબરમતી, અમદાવાદનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ), ૫૦૬(૧),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

આ હુકમ આજ રોજ **તા.૦૬,** માહે **જુલાઈ**, સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૬/૦૭/૨૦૨૨
મુ.અમદાવાદ.

**(કુ.સ્મિતાબેન પ્રકાશચંદ્ર પટેલ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૦,અમદાવાદ.

**CODE NO. GJ01123**